**વડીલોને વંદન**

**અભિનંદન**



અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહ
(૧૯૪૮)ફોન:૨૩૬૦૦૦૧૩

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : ગોંડલમાં પાંચ ઈંચ

## સતત બીજા દિવસ ગોંડલમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું : ભાદર નદી પરના મા આશાપુરા ડેમ ઓવરફ્લો થતાં તંત્ર સાવધાન મહિસાગર જિલ્લામાં ભાદર નદીમાં ડુબવાથી ચારના મોત : તમામ જગ્યાઓએ વરસાદ

અમદાવાદ,તા. ૧૪

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. ગોંડલમાં સતત બીજા દિવસે અતિ ભારે વરસાદ થયો હતો. પાંચ ઈંચથી પણ વધુ વરસાદ પડતા ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ સુરતમાં પણ એકથી ચાર ઈંચ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો છે જેથી જનજીવન ઉપર પણ અસર થઈ છે. મહિસાગર જિલ્લામાં ડુબી જવાથી ચારના મોત થયા છે. મૃતકો રાજસ્થાનના નિવાસી હોવાનું જાણવા મળ્યું છે. ભાદર નદીમાં આ યુવાનો ડુબી ગયા હોવાની માહિતી સપાટી ઉપર આવી છે. આજેરાજુલા, ભાવનગર, વડોદરા, અમરેલી, વેરાવળ, ભરુચ સહિતના તમામ ભાગોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર યથાવત રહી હતી. રાજકોટ, ગોંડલમાં ૭૨ કલાકમાં નોંધપાત્ર વરસાદ થયો છે. બીજી બાજુ ગોંડલમાં પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ યથાવત જારી છે. ગોંડલમાં બપોર બાદ શરૂ થયેલો વરસાદ યથાવત જારી રહેતા કલાકોના ગાળામાં જ પાંચ ઈંચ વરસાદ થયો હતો. ગોંડલમાં ગઈકાલે બિલિયાળામાં સાત ઈંચથી વધુ વરસાદ થયો હતો. સારા વરસાદના લીધે ભાદર નદીમાં આવાલા મા આશાપુરા ડેમ ઓવરફ્લો થઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. જુનાગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ જુનાગઢ જિલ્લાના વિસાવદર પંથકમાં મેઘરાજાએ મન મુકીને બેથી ચાર ઈંચ પાણી વરસાવતા મોટી સંખ્યામાં ગામોમાં વાવણી લાયક વરસાદ થઈ ગયો છે. બે કલાકના ગાળામાં રુપાવટી, ઈશ્વરિયા, જેતલવડ, બગસરા સહિતના ગામોમાં ચાર ઈંચ જેટલો વરસાદ થયો છે. ઉનાથી પ્રાપ્ત અહેવાલ મુજબ દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ બપોરબાદ ગિરગઢડા તાલુકાના ધોકડવા, નગડિયા, ભીમચારા, જસાધાર, તુલસીશ્યામમાં વરસાદ થયો છે. સાંજ સુધીમાં ચારથી પાંચ ઈંચ વરસાદ થયો હોવાનું જાણવા મળ્યું છે. ધોડકવાના પાદરમાં પસાર થતી રાવલ નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે. ધારીથી વિસાવદર વચ્ચે બેથી ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. દરમિયાન હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદ પડી શકે છે.

## રૂવચ (બોલુન્દ્ર)ના યુવાનનું પોળોમાં આવેલ નદીમાં ડૂબી જતા મોત

હિંમતનગર, તા.૧૪

ઈડર તાલુકાના રૂવચ (બોલુન્દ્રા) ગામના એક યુવાનનું રવિવારે વિજયનગર તાલુકાના પોળોમાં આવેલ હરણાવ નદીમાં ડૂબી જતા પાણી પી જવાથી મોત નિપજયુ હતું. જે અંગે વિજયનગર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગરના પી.એસ.આઈ. એ.બી.ઠાકોરના જણાવ્યા અનુસાર રવિવારે ઈડર તાલુકાના રૂવચ (બોલુન્દ્રા) ગામના કેટલાક યુવાનો પોળોની સહેલગાહે આવ્યા હતા. દરમિયાન સાંજના સુમારે રૂવચ ગામના અજયસિંહ પદમસિંહ રહેવર (ઉ.વ.૨૨)હરણાવ નદીમાં ન્હાવા પડયા હતા. જયાં અચાનક તેઓ પાણીમાં ડૂબી ગયા હતા. ત્યારબાદ અહીં ઉપસ્થિત કેટલાક લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો અને વડાલીના દિનેશભાઈ નાયકે ૧૦૮એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. ત્યારબાદ ૧૦૮ દ્વારા હરણાવ નદીમાં ડૂબી ગયેલા અજયસિંહને ચોરીવાડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયા હતા. જયાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે અજયસિંહને ઈડરની લાઈફલાઈન હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ડોકટરે તપાસી મૃત જાહેર કર્યા હતા.



બાયડ તાલુકાના ગાબડ સેમલીયા, ગોતાપુર અને પાતવેલ ગામની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ શાળા પ્રવેશોત્સવને અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલે દિપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો. અને ધોરણ-૧ અને આંગણવાડીમાં પ્રવેશ લેનાર બાળકોને શૈક્ષણિક કીટ આપી આવકાર્યા હતા. ઉપરાંત સ્વચ્છતા, બાળ આરોગ્ય, માવાત્સલ્ય, જીવનવીમા જેવી વિવિધ યોજના અંગે ચર્ચા કરી હતી.
(તસવીર : જય અમીન, મોડાસા)

## હિંમતનગરમાંથી ૧૫ હજારનો દેશી-વિદેશી દારૂ ભરેલી કાર મળી

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી દેશી અને વિદેશી દારૂનો દુકાળ સર્જાયો હતો. જેમાં નવા આવેલા રેન્જ આઈ.જી.ની ધાકથી સાબરકાંઠાઅરવલ્લી, મહેસાણા અને ગાંધીનગર બુટલેગરો ભૂગર્ભમાં જતા રહ્યા હતા. પરંતુ થોડા સમય બાદ ફરીથી આ બુટલેગરોએ પોતાના ધંધા શરૂ કરી દીધા છે. જે અંતર્ગત શનિવારે રાત્રે હિંમતનગરના માચીસ ફેકટરી પાસેથી રૂા.૧૫ હજારનો વિદેશી દારૂ કારમાંથી મળી આવ્યો હતો. જે અંગે એડીવીઝન પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં દારૂની અછત સર્જાતા બુટલેગરોની હાલત કફોડી બની ગઈ હતી. બીજી તરફ સમય જતા રેન્જ આઈ.જી. હસુખભાઈ પટેલ દ્વારા દારૂબંધીનો કડક અમલ પોલીસ તંત્ર પાસે કરાવાઈ રહ્યો હતો. જેથી આમપ્રજામાં પોલીસની છાપમાં ગણો સુધારો થયો હતો.

# જીસીસીઆઈ ચૂંટણીમાં પ્રેસિડેન્ટ પેનલનો ભવ્ય વિજય

## પ્રેસિડેન્ટ પેનલના તમામ આઠ સભ્યો વિજય થયા : જીસીસીઆઈ ચૂંટણીમાં ૫૦ ટકા મતદાન બાદ પરિણામો જાહેર કરાયા : પ્રેસિડેન્ટ પેનલ સભ્યો દ્વારા ભવ્ય ઉજવણી

અમદાવાદ, તા.૧૪

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ) ૨૦૧૫-૧૬ માટેની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા જેમાં પ્રેસિડેન્ટ પેનલે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને તમામ આઠ સભ્યોની જીત થઈ હતી. પ્રેસિડેન્ટ પેનલની શાનદાર જીત બાદ આને લઈને ઉજવણી પણ કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે શૈલેષ પટવારીની પસંદગી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કારોબારી સમિતિમાં વિવિધ જગ્યાઓ માટે મતદાન યોજાયું હતું. મતદાન વેળા હરીફ ટીમના સભ્યો વચ્ચે જોરદાર ઝપાઝપી થઈ હતી. કોર્પોરેટ અને સામાન્ય મત સહિત ૫૦ ટકાથી વધુ મતદાન થયું હતું. જનરલ કેટેગરીમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં નોંધાયેલા ૩૨૪૦ સભ્યો પૈકી ૧૪૫૦ સભ્યોએ ગઈકાલે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં કોર્પોરેટ મતનો પણ સમાવેશ થાય છે. દરેક કોર્પોરેટ વોટની ગણતરી આઠ મત સમાન થાય છે જેથી કુલ મતોની સંખ્યા વધી હતી. લાઈફ મેમ્બર કેટેગરીમાં ૩૨૦ સભ્યો પૈકી ૧૫૨ સભ્યોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતગણતરીની પ્રક્રિયા આજે સવારે હાથ ધરવામાં આવી હતી અને બપોર સુધીમાં પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.



શહેર સ્થિત બિઝનેસમેન મદનલાલ પી જયસ્વાલે રાઈઝિંગ પેનલનું નેતૃત્વ કર્યું હતું. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ ચૂંટણીમાં મતગણતરીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ સૌથી વધારે મત મેળવનાર આઠ ઉમેદવારોને સામાન્ય કેટેગરી સ્થાનિક કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા જેમાં અંબર જે પટેલ, અનિલ વી સંઘવી, ભાવેશ જી પટેલ, કમલેશ સી પટેલ, કિર્તી એસ પટેલ, મીના આર કાવ્યા, મિહિર વી પટેલ, યોગેશ ડી શ્રીધરનો સમાવેશ થાય છે.

## પીએચ.ડી થયા

તાજપુર કેમ્પ, તા.૧૪

અમદાવાદના સોલા સ્થિત પ્રકાશ કોલેજ ઓફ એજયુકેશન માં જયશ્રીબેન સર્વજીભાઈ પટેલ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓએ સાબરકાંઠાના દરામલીની બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. બી.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ 'પ્રાથમિક શિક્ષકોની આધુનિકતાની સ્વ.-ખ્યાલ પર પડતી અસર' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેમને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડીની પદવી એનાયત કરી છે. જયશ્રીબેનની આ સિધ્ધી બદલ પરિવારજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## શબ્દાવલી - ૫૭૬૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ |
| | ■ | ૬ | ૭ | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | | | | ■ | | ■ |
| ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | | ૧૩ |
| ૧૪ | | | ૧૫ | ૧૬ | ■ | ■ | |
| | ■ | ૧૭ | | | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. વરસાદ, બારીશ (૩)
૩. મનુષ્ય દેહ, મનુષ્ય જન્મ (૩)
૬. મહેંદી, એક ફિલ્મનું નામ (૨)
૮. રસમ, રીત (૩)
૯. સમાન, બરાબરીયું (૫)
૧૧. ઓતપ્રોત, લીન, મગ્ન(૨)
૧૨. છોળ, પાણીની... (૩)
૧૪. અણીદાર તીક્ષ્ણ હથિયાર(૨)
૧૫. પીડ, પેટમાં દુઃખવું (૨)
૧૭. કંગન, જાડી બંગડી (૩)
૧૮. ઘર વચ્ચે ચોખંડી ખુલ્લી જગ્યા (૨)
૧૯. ખતવવું તે (૪)
૨૨. વિચાર, ચિંતન (૩)
૨૩. ઘરનો નોકર, રામો (૪)

### ઊભી ચાવી

૧. પ્રેમીયુગલને આ પક્ષીની જોડ સાથે સરખાવાય (૩)
૨. એક દમ થોડુંક, જરાક(૪)
૪. સાવ, તદ્દન બિલ્કુલ (૨)
૫. ખોવાયું હોય તેવું, ગુમાવેલ (૪)
૭. રગ, નસ (૨)
૧૦. મયુર, મોર (૩)
૧૩. કમકમા, ત્રાસ (૫)
૧૪. ખુબ ભારે (૪)
૧૫. ઇલેક્શન (૩)
૧૬. કળા, આવડત (૨)
૧૭. પવિત્ર (૩)
૨૦. શરીર, કાયા (૨)
૨૧. ક્ષાર, ઇર્ષ્યા વશ (૨)

### શબ્દાવલી ૫૭૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) આતશબાજી (૫) બેગ (૭) કાજળ (૮) વસુલાત (૧૦) જીતવું (૧૧) વાજબી (૧૩) ગાડુ (૧૪) ણીવા (૧૬) ધામ (૧૭) બરાસ (૧૯) તાગડો (૨૦) દાદાગીરી (૨૧) રોપા (૨૨) દરી (૨૩) પાહટો
**ઊભી ચાવી :-** (૧) આકાશવાણી (૨) તજ (૩) શળ (૪) જીવતર (૫) બેલા (૬) ગતકડું (૯) સુવુ (૧૨) જવાબદારી (૧૩) ગામગમાટો (૧૫) બંસરી (૧૬) ઘાતારોહ (૧૮) રાગી (૨૦) દાદ

## ગ્રામસભા અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમવાર છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ગરીબ કલ્યાણ મેળાના જે લાભાર્થીઓ હતા તેમની યાદી વંચાણે લઈ બહાલ રાખવામાં આવશે.

આ ઉપરાંત દરેક વિભાગના પડતર પ્રશ્નો તેમજ નવા પ્રશ્નોને લઈ પણ તેમાં ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને ઉકેલ દિશામાં પ્રયાસ કરાશે. ગ્રામસભા અભિયાન માટે જિલ્લા કક્ષાએ ૬૦ થી વધુ લાયઝન અધિકારીઓ નિયુક્ત કરવામાં આવનાર છે. આ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રામસભાનું આયોજન થશે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક જિલ્લામાં પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ પણ અવશ્ય હાજરી આપી આ અભિયાનમાં જોડાય તે માટે મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

નિયત સમય કરતાં એક મહિનાના વિલંબથી આ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આગામી બે મહિનામાં જ જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે તે પૂર્વે આ અભિયાન રાજકીય પક્ષો માટે સંપર્ક અભિયાન બની રહેશે.

આ અભિયાન પછી તુરત જ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાની વાત પણ તંત્રમાં વિચારાધીન હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

## સીમાંકનને પગલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા અને તાલુકા પંચાયતના સીમાંકનમાં કરાયેલા બદલાવ તેમજ બેઠકોના નામ બદલી ભાજપે કોંગ્રેસના ગઢમાં ગાબડા પાડવાનો જુગાર ખેલ્યો છે તે તો કેટલો સફળ થશે તે સમય જ કહી શકશે પરંતુ આ મુદ્દે બંને પક્ષમાં અસંતોષ જબરજસ્ત પ્રવર્તી રહ્યો છે.

અનામત બેઠકોના રોટેશન નહિ ફેરવવામાં આવતાં તેમજ વસ્તીના માપદંડમાં પણ સામજિક સમતુલાને ધ્યાને લેવામાં નહિ આવતાં પણ વિરોધ ની વાતો રાજકીય આગેવાનોમાં થઈ રહી છે.

જિલ્લા તાલુકા પંચાયતના વાંધા-મુદ્દા રજુ કરવાની અંતિમ મુદત જેમ જેમ નજીક આવતી જાય છે ત્યારે રાજકીય ગતિ વિધિ આગામી સમયમાં તેજ બનશે તેમ જાણવા મળેલ છે.

## બોલીવુડમાં પદાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મધુર ભંડારકરની આગામી ફિલ્મ કેલેન્ડર ગર્લ્સ માટે આશરે ૧૫૦૦ યુવતીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી અવની મોદીની પસંદગી કરાઈ છે. આ ફિલ્મમાં અવની ખૂબજ અઘરો રોલ નિભાવી રહી છે. જે માટે ઘણી બધી અભિનયકક્ષાની આવશ્યતા રહેલી છે, તેમજ ભરપૂર આત્મ વિશ્વાસની પણ એટલી જ જરૂર છે. અવનીએ મધુર ભંડાકર સાથે કામ કરવાના અનુભવને જીંદગીનો યાદગાર અનુભવ ગણાવતા જણાવ્યું છે કે મધુર ભંડાકર પોતે એક સંસ્થા સમાન છે અને તેમની સાથે કામ કરવાનો મને ખૂબ ગર્વ છે. ગાંધીનગનરી દિકરી જ્યારે બોલીવુડના ખ્યાતનામ સર્જક સાથે મેઈન સ્ટ્રીમની ફિલ્મમાં અભિનય કરવા પસંદગી પામી છે તે નગર માટે ગૌરવની વાત છે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ડિકેટર્સ, ટેકનોલોજીકલ ઓપ્શન, ફાઈનાન્સિંગ, રોડ મેપ અને સેફગાર્ડ ઉપર નિષ્ણાંતોના વક્તવ્ય રાખવામાં આવ્યા છે.

### હવે આવે છે ટ્રાફિક પોલીસ સ્ટેશન ...

ગુજરાતમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે રાજય સરકારે અનુમતિ આપી દીધી છે. આ અંગેની એક દરખાસ્તને મંજૂર કર્યા બાદ હોમ ડિપાર્ટમેન્ટના એક ઓફિસરે કહ્યુ હતું કે અમદાવાદમાં ૧૪ ટ્રાફિક પોલીસ સ્ટેશન ઉભા કરાશે, ત્યારબાદ રાજયના પ્રત્યેક જિલ્લામાં જરૂરિયાત પ્રમાણેના પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. પોલીસ સ્ટેશનના સ્ટાફમાં ૬૦૦૦ ડાયરેક્ટ રિક્રુટમેન્ટના પોલીસમેનની ભરતી કરવામાં આવશે. અમદાવાદમાં ૧૪ ટ્રાફિક પોલીસ સ્ટેશન શહેરના ૧૪ ડિવિઝનમાં ઉભા કરાશે અને તે શહેરમાં બનતા હીટ એન્ડ રનના કેસ ઉપરાંત ટ્રાફિકને લગતા કેસોની કાર્યવાહી કરશે. ટ્રાફિકની અલાયદી વ્યવસ્થા થતાં મુખ્ય પોલીસ સ્ટેશનોના કેસોનો ઘટાડો થશે અને વાહન વ્યવહારને કન્ટ્રોલ કરી શકાશે...

### જાહેર સાહસોની લોકપ્રિયતા ઘટી રહી છે ...

ગુજરાત સરકારમાં નરેન્દ્ર મોદીની અસર વર્તાઈ રહી છે. ખાસ કરીને સરકારના જાહેર સાહસોની કામગીરી ઉપર બહુ મોટો ફરક પડ્યો છે. સાત મુખ્ય જાહેર સાહસો પૈકી છ સાહસોની લોકપ્રિયતામાં ગિરાવટ આવી છે. આ સાહસો ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ કોર્પોરેશન, જીએસીએલ, ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ અને ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સ્ટોક્સમાં ૧૮ થી ૪૫ ટકાનો ઘટાડો વર્તાઈ રહ્યો છે. મોદીએ ૧૨ વર્ષમાં જાહેર સાહસોની કામગીરીમાં ચોંકાવનારો ફેરફાર કર્યો હતો. ખોટ કરતા બોર્ડનિગમને મોદીએ નફામાં ફેરવી નાંખ્યા હતા અને એ પણ સરકારી ઓફિસરો પાસે કામ લઈને આ ચેન્જ કર્યો હતો. ઘણાં એવા બોર્ડ હતા કે જેમને બંધ કરવા પડે તેમ હતા, જે આજે નફો કરી રહ્યા છે. હાલની વર્તમાન સરકારે જાહેર સાહસોમાં વધારે ધ્યાન આપવાની આવશ્યકતા છે, કારણ કે નફો કરતાં સાહસો આજે લોકપ્રિયતા ગુમાવી રહ્યા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે...

### નવો યુગ ફેસબુક, ટ્વિટર, વોટ્સઅપ ...

ડિઝીટલ ઈન્ડિયાનું સ્વપ્ન સેવી રહેલા આપણા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી માટે આસાન સ્થિતિ એટલા માટે છે કે આ દેશનું યુવાધન એની જાતે જ મોર્ડન થતું જાય છે. સોશ્યલ માધ્યમોનો વધતો જતો વપરાશ જોઈને રાજય સરકારોને તેમના બજેટમાં સોશ્યલ મિડીયા માટે નાણાની ફાળવણી કરવાની ફરજ પડી છે. છેલ્લા સર્વે પ્રમાણે દેશમાં ૧૧.૨ કરોડ લોકો ફેસબુકનો ઉપયોગ કરે છે. એફબી મોબાઈલ ૯ કરોડ છે. વોટ્સઅપ અને યુટ્યુબના યુઝર્સ સાતસાત કરોડ છે. લિન્કડઈનના વપરાશકારો ૨.૪ કરોડ અને ટ્વિટર યુઝર્સ ૨.૨ કરોડ છે. દેશના શહેરોમાં જેટલો ક્રેઝ નથી એથી વધુ ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળે છે, જેના કારણે કોઈપણ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કે મોબાઈલ હેન્ડસેટ બનાવતી કંપની તેના આધુનિક મોડલ ભારતને નજર સમક્ષ રાખીને બહાર પાડે છે.

ગુજરાતની વાત કરીએ તો સરકાર આખી ડિઝીટલ બની ચૂકી છે અને તેના યુવા નાગરિકો પણ એ દિશામાં જ છે. દેશવિદેશની કંપનીઓનું માર્કેટીંગ પણ આ રીતે જ થઈ રહ્યું છે...

### મોદી સ્ટાઇલથી ચૂંટણી જીતી શકાય ...

ગુજરાતના મતદારો સુધી પહોંચવા માટે નરેન્દ્ર મોદીએ ભૂતકાળમાં જે યુક્તિ અજમાવી હતી તે જ યુક્તિ હવે મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ અપનાવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી પહેલાં તેમણે જિલ્લા અને તાલુકાઓના પ્રવાસ શરૂ કર્યા છે. મોદીએ તો ચૂંટણીના એક વર્ષ પહેલાં જયારે ગરીબ કલ્યાણ મેળા યોજયા ત્યારે કોંગ્રેસે તેનો સતત વિરોધ કર્યો હોવા છતાં મોદી ડગ્યા વિના દરવર્ષે મેળાઓ કરતા ગયા અને તેનું પરિણામ આપણી સામે છે. આનંદીબેન પણ એ જ સ્ટાઈલમાં છે. તેઓ માને છે કે મોદી સ્ટાઈલથી ચૂંટણી જીતી શકાય છે, બીજી તરફ કોંગ્રેસે તેની વિરોધ કરવાની પ્રક્રિયા ચાલુ રાખી છે. કન્યા કેળવણી અને સ્કૂલ એનરોલમેન્ટ પ્રોગ્રામનો પણ કોંગ્રેસ વિરોધ કરે છે. પાર્ટીના નેતાઓને ખબર છે કે વિરોધ કરવાથી પાર્ટીની ફેવરમાં પરિણામ આવવાનું નથી, છતાં ભૂલોનું પુનરાવર્તન ચાલુ જ છે...

### વિવાદાસ્પદ પ્રદીપ શર્માની નોકરી પૂરી ...

કિશોર રાવ ડી. ૧૯૮૦ બેચના આઈએએસ ઓફિસર હવે જૂનના અંતમાં વય નિવૃત્ત થઈ રહ્યા છે. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં તેમણે ફરજ બજાવી છે. એક સમયે તેઓ દિલ્હીના તંદૂરકાંડ મુદ્દે વિવાદમાં આવ્યા હતા. સરકારના બીજા એક ઓફિસર કે જેઓએ ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદી સામે યુદ્ધ ડિકલેર કર્યું હતું અને આજે પણ તેઓ મોદી વિરૂદ્ધ લડી રહ્યા છે તેવા ઓફિસર પ્રદીપ શર્મા પણ જૂનમાં જ નિવૃત્ત થાય છે. તેઓ ૧૯૮૪ બેચના આઈએએસ ઓફિસર છે. તેમના ભાઈ કુલદીપ શર્મા નિવૃત્ત આઈપીએસ ઓફિસર છે. જાસૂસીકાંડ અને પ્રદીપ શર્માની કહાની આખું સચિવાલય જાણે છે. આ બન્ને ભાઈઓ પહેલા ભાજપની સરકારના ખાસ અને માનિતા ઓફિસરો હતા, પરંતુ મતભેદો અને નોકરીમાં અન્યાય થતો હોવાની ફરિયાદ કરી પ્રદીપ શર્માએ સરકાર સામે જંગ ખેલ્યો છે. કચ્છના જમીન ગોટાળા સહિતના પાંચ કેસોની તપાસ સરકારે શરૂ કરી છે. હાલ તેઓ સસ્પેન્ડ થયેલા છે...

### રાજીવ ગુપ્તાને સ્માર્ટ બનવું પડશે ...

૧૯૮૬ બેચના આઈએએસ ઓફિસર ડો. રાજીવકુમાર ગુપ્તાની નિયુક્તિ રાજયના શહેરી વિકાસ વિભાગના ચીફ તરીકે કરવામાં આવી છે ત્યારે તેમની પ્રાયોરિટી સ્માર્ટ સિટીની રચના હશે, કારણ કે દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટીમાં ફેરવવાની બાબત એ ભારત સરકારનો અતિ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. રાજીવ ગુપ્તા પાસે નોકરીમાં હજી ઘણો સમય બાકી છે. તેઓ પોલિટીકલ સાયન્સ હિસ્ટરી અને અંગ્રેજી લિટરેચર સાથે બીએ થયેલા છે. પોલિટીકલ સાયન્સમાં તેમણે એમએ કર્યું છે અને ઈન્ટરનેશનલ લો માં તેઓ પીએચડી થયેલા છે. નર્મદા અને વોટર સપ્લાયમાં કામનો અનુભવ કરીને તેમના માટે પડકારજનક અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની જવાબદારી આવી છે. સ્માર્ટ સિટી ઉપરાંત એફોર્ડેબલ હાઉસિંગની કામગીરી પણ તેમણે કરવાની છે. સચિવાલયના સૂત્રો કહે છે કે ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે તેમનું નામ રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં સૂચવ્યું હતું પરંતુ અચાનક તેમનું નવું પોસ્ટીંગ અર્બન ડેવલપમેન્ટમાં કરવામાં આવ્યું છે. હવે જોઈએ તેઓ કેટલા સ્માર્ટ બને છે...

### ગરીબ પરિવાર એટલે મુખ્ય વોટબેન્ક ...

ગરીબો એટલે શું... આ પ્રશ્નનું સમાધાન ભારતમાં જ છે, કારણ કે અત્યાર સુધી રાજકીય પાર્ટીઓએ ગરીબોને વોટનું મશીન ગણ્યું છે એને એથી જ દુનિયાના ત્રીજાભાગના ગરીબો એટલે કે ૩૩ કરોડ ગરીબો ભારતમાં વસે છે પૈકી દસ કરોડ ગરીબો એ તો શહેરોની ફુટપાથને ઘર બનાવ્યું છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ કેન્દ્ર કે રાજય સરકારોએ ગરીબો ને ઘરનું ઘર આપવાના કાર્યને પ્રાયોરિટી આપી નથી. આયોજનો થાય છે, પ્લાન અને નકશા બને છે. રૂપિયા ફાળવાય છે પણ ક્યાં જાય છે તે ખબર પડતી નથી. સરકારની યોજનાઓથી ગરીબ હટે છે પણ ગરીબાઈ હટતી નથી. સરકાર એવું માને છે કે સરકારી જમીન ઉપર ઝૂંપડું એટલે ગેરકાયદે દબાણ, પરંતુ હકીકતમાં મોટા બિલ્ડરો કે ઉદ્યોગજૂથો સરકારી જમીન પચાવીને દબાણ કરે છે તેને સરકાર ડેવલપમેન્ટમાં ખપાવે છે. શાસનમાં કોંગ્રેસ હોય કે ભાજપ, ગરીબો અને ગરીબી એ કાયમી સમસ્યા છે. એકને સેટ કરીએ તો બીજા ઉભા થઈ જાય છે. લાલચ બહું બુરી ચીજ છે. ઘણીવાર સરકાર પણ આયોજનમાં ગોથાં ખાય છે, કારણ કે જે યાદી તૈયાર કરે છે તેના આધારે પ્લાનિંગ કરે ત્યારે ગરીબોની યાદી લાંબી થઈ ચૂકી હોય છે. ગરીબીને હટાવવા માટે કોઈએ પીએચડી કર્યું હોય તો સરકારે તેની પાસેથી સલાહ લેવી જોઈએ..

### પાંડિયનના અનુભવનો લાભ લેવાશે ખરો! ...

ગુજરાતના વહીવટી વડાપદ પરથી નિવૃત્ત થયેલા ડી. જે. પાંડિયનને ગુજરાત સરકાર કે ભારત સરકારમાં કેમ હજી સુધી તક મળી નથી તેવો એક સવાલ સચિવાલયમાં ચર્ચાઈ રહ્યો છે. ઘણાં કારણો સામે આવ્યા છે. દિલ્હીની બ્યુરોક્રેસીમાં એવી હવા હતી કે પાંડિયનને સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનર બનાવવામાં આવશે, પણ છેલ્લી ઘડીએ તેમનું નામ હટી ગયું. બીજી વાત એવી હતી કે એ.કે.જોતિની ખાલી પડેલી ગુજરાત વિઝિલન્સ કમિશનરની જગ્યાએ પાંડિયનને બેસાડવામાં આવશે, પણ હજી આ પોસ્ટ ખાલી પડી છે. ત્રીજી વાત એવી આવી છે કે આવતા મહિને પાંડિયનને ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન જીઈઆરસી ના ચીફની પોસ્ટ મળશે. ગમે તે હોય, વિલંબ થી પણ પાંડિયનનું પ્લેસમેન્ટ કીપોસ્ટ પર કરવાનું આયોજન હોઈ શકે છે...